સીએમ-ડેશબોર્ડની માહિતી મેળવતા કેરાલા સરકારના મુખ્ય સચિવ જોય

મુલાકાત મુખ્યમંત્રીશ્રી સાથે સૌજન્ય બેઠક યોજી : મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન-સચિવે તેમને સી.એમ-ડેશબોર્ડની વિશેષતાઓ-સર્વગ્રાહી કાર્યપદ્ધતિ સમજાવી

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સીધા માર્ગદર્શનમાં મુખ્યમંત્રી નિવાસસ્થાન ગાંધીનગર ખાતે કાર્યરત ઝ્રસ થી ઝ્રૈંઢઈદ્ર ને જોડતા સી.એમ-ડેશબોર્ડની સમગ્ર કાર્યપ્રણાલિના અભ્યાસ અને તલસ્પર્શી નિરીક્ષણથી જાતમાહિતી માટે કેરાલા સરકારના મુખ્ય સચિવ વી.પી.જોય એ આ ડેશબોર્ડની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી નિવાસસ્થાને તેઓ અઢી-ત્રણ કલાક સુધી રોકાણ કરીને સી.એમ-ડેશબોર્ડની સંપૂર્ણ વિગતોથી વાકેફ થયા હતા.

મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન અને સચિવે તેમને સી.એમ-ડેશબોર્ડની વિશેષતાઓ અને સર્વગ્રાહી કાર્યપદ્ધતિ સમજાવી હતી. મુખ્ય સચિવ પંકજકુમાર પણ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા. કેરાલાના મુખ્ય સચિવે ગુજરાતે અદ્યતન ટેક્નોલોજીનો સંપૂર્ણ રિયલ ટાઈમ મોનિટરીંગ ક્ષેત્રે ઉપયોગ કરીને વિકસાવેલી દેશભરમાં પહેલરૂપ આ કાર્યપદ્ધતિની પ્રસંશા કરી હતી. તેમણે કહ્યું કે લોકોને મળતી વિવિધ સરકારી સેવાઓના મોનિટરીંગની આ પદ્ધતિ અને લાભાર્થીઓના ફિડબેક મેળવવાનું સમગ્ર કાર્યતંત્ર સુશાસનની આગવી દિશા છે.

વી.પી. જોયે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પબ્લીક ડીલીવરી સર્વિસીસ સિસ્ટમ અને જનહિત યોજનાઓના ટ્રાન્સપેરન્ટ તેમજ રિયલ ટાઈમ મોનિટરીંગ માટે ગુજરાતે અપનાવેલી આ પહેલનો અભ્યાસ કરવા આપેલા સૂઝાવને પગલે તેઓ કેરાલાના વરિષ્ઠ અધિકારીઓ સાથે સી.એમ-ડેશબોર્ડથી માહિતગાર થવા આવેલા છે. સી.એમ-ડેશબોર્ડની આ અભિનવ પહેલની વિસ્તૃત વિગતો કેરાલા પ્રતિનિધિમંડળને આપતા જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં ૨૬ સરકારી વિભાગો તથા જિલ્લા-તાલુકા કક્ષાની કચેરીઓ દ્વારા જનહિતકારી યોજનાના લાભ, એસ.ટી, લાઈટ, પાણી જેવી પાયાની સુવિધા સરળતાએ મળે છે તેની બધી જ જાણકારી ગાંધીનગરથી સી.એમ-ડેશબોર્ડના માધ્યમથી રિયલ ટાઈમ મોનિટરીંગ થઈ શકે છે.

ગુજરાતના તમામ જિલ્લા અને અલગ અલગ તમામ વહીવટી વિભાગ તથા તેની યોજનાઓને સિંગલ વિન્ડો પ્લેટફોર્મ પર ૩,૪૦૦ પૂર્વનિર્ધારિત ઈન્ડીકેટર્સ દ્વારા મોનીટર કરવામાં આવે છે. આ પ્લેટફોર્મ પરથી જ મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજ્યના તમામ મહત્વપૂર્ણ અધિકારીઓના વહીવટી કાર્યોનું સતત નિરીક્ષણ કરવામાં આવે છે. એટલું જ નહિ, કોરોના મહામારી દરમ્યાન હોસ્પિટલમાં બેડ, ઓક્સિજન સપ્લાય, દવાઓની ઉપલબ્ધિ વગેરે અંગે પણ આ ડેશબોર્ડની વિડીયો વોલ દ્વારા સંપૂર્ણ વિગતો મેળવી શકાઈ હતી. કેરાલાના મુખ્ય સચિવે બધી જ બાબતો વિશે જાણવામાં ઊંડો રસ દાખવ્યો હતો અને લાભાર્થી ફિડબેક સિસ્ટમની જે પદ્ધતિ કાર્યરત છે તેની પણ સરાહના કરી હતી.

રાજ્યમાં કોરોનાના નવા ૧૪ કેસ : ૨૦ સાજા થયા

અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૨૬૩ નાગરિકો કોરોનાને મ્હાત પણ આપી ચુક્યાં છે : રિકવરી રેટ ૯૯.૧૦ ટકા

ગાંધીનગર, તા.૨૮

રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૪ કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૨૦ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૨૬૩ નાગરિકો કોરોનાને મ્હાત પણ આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ટકા સુધી પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧,૪૩,૯૩૪ રસીના ડોઝ આજના દિવસમાં આપવામાં આવ્યા હતા. બીજી તરફ જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૯૯ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૨ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૯૭ નાગરિકો સ્ટેબલ છે. જ્યારે અત્યાર સુધીમાં ૧૨,૧૩,૨૬૩ નાગરિકો ડીસ્ચાર્જ થઇ ચુક્યાં છે. જ્યારે અત્યાર સુધીમાં ૧૦,૯૪૩ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. કુલ નોંધાયેલા કેસની વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૮, સુરતમાં ૨, વડોદરા કોર્પોરેશનમાં ૨, દાહોદ અને ખેડામાં ૧-૧ કેસ નોંધાયો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૧૧૪૪ ને રસીનો પ્રથમ અને ૨૧૧૮૩ ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૫૪૭ ને રસીનો પ્રથમ અને ૪૭૫૭ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૧૭૯૯ ને પ્રીકોર્શન ડોઝ અપાયા હતા. ૧૨-૧૪ વર્ષના નાગરિકો પૈકી ૧૧૯૫૪ ને રસીનો પ્રથમ અને ૯૨૫૫૦ ને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો હતો. આ પ્રકારે કુલ ૧,૪૩,૯૩૪ રસીના ડોઝ અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૦,૭૬,૫૨,૦૫૬ કુલ ડોઝ અપાઈ ચુક્યાં છે.

પોલીસ જવાને મહિલા મુસાફરનો જીવ બચાવ્યો

સ્ટેશન પર ચાલતી ટ્રેનમાં નીચે ઉતરવાનો પ્રયાસ કરી રહેલી મહિલાનો આરપીએફ સ્ટાફે જીવ બચાવ્યો હતો

જામનગર, તા.૨૮

સ્ટેશન પર ચાલતી ટ્રેનમાં નીચે ઉતરવાનો પ્રયાસ કરી રહેલી મહિલા મુસાફરનો આરપીએફ સ્ટાફે જીવ બચાવ્યો હતો. તાજેતરમાં રાજકોટ ડિવિઝનના રેલવે પ્રોટેક્શન ફોર્સ (ઈંહ્લ) સ્ટાફે જામનગર રેલવે સ્ટેશન પર ચાલતી ટ્રેનમાંથી નીચે ઉતરવાનો પ્રયાસ કરી રહેલી મહિલા મુસાફરને પ્લેટફોર્મ પર પડતી જોઈને ઝડપથી તેને ખેંચીને ટ્રેન નીચે આવતી અટકાવી ને તેનો જીવ બચાવ્યો હતો.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફે વિગતો આપતા જણાવ્યું કે ૨૭ એપ્રિલ, ૨૦૨૨ના રોજ નીતા રબારી (ઉંમર ૩૬ વર્ષ) નામની મહિલા મુસાફર તેના પરિવાર સાથે ટ્રેન નંબર ૨૨૯૪૫ મુંબઈ સેન્ટ્રલ-ઓખા સૌરાષ્ટ્ર મેલના ૬-૨ કોચમાં વિરમગામ થી દ્વારકા જવા માટે મુસાફરી કરી રહી હતી. આ મહિલા મુસાફર પાણી લેવા માટે જામનગર રેલવે સ્ટેશન પર ઉતરી હતી, જે દરમિયાન ટ્રેન સ્ટેશનથી ઉપડવા લાગી હતી. મહિલા મુસાફર ઉતાવળે બીજા કોચમાં ચડી ગયી અને પછી ચાલતી ટ્રેનમાંથી ઉતરતી વખતે તે નીચે પડી અને ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેના ગેપની નજીક ખતરનાક રીતે આવી ગઈ.

આ દરમિયાન ગુના નિવારણ ફરજમાં જામનગર પોસ્ટ પર તૈનાત આરપીએફના હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહે તત્પરતા દાખવી મહિલા મુસાફરને ખેંચીને તેણીને ટ્રેનની નીચે આવતા અટકાવીને તેનો જીવ બચાવ્યો હતો. મહિલા મુસાફરને પડતા જોઈ તેના પતિએ ટ્રેન રોકવાનો પ્રયાસ કર્યો હતો.

મહિલા મુસાફરનો જીવ બચી ગયો હતો અને તેને કોઈ ઈજા થઈ ન હતી. બાદમાં તેઓ રોડ માર્ગે પોતાના ગંતવ્ય માટે રવાના થયા હતા. આ રીતે પોતાની હોશિયારી, તત્પરતા અને બહાદુરી વડે મહિલા મુસાફરનો જીવ બચાવનાર હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહ ના કામ ની રાજકોટ ડિવિઝન ના ડિવિઝનલ રેલવે મેનેજર અનિલ કુમાર જૈન અને ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર પવનકુમાર શ્રીવાસ્તવે જવાનની બહાદુરી માટે તેમને શુભકામનાઓ પાઠવી હતી.

સોખડા મંદિરના પ્રબોધ સ્વામી જૂથના સંતનું મોત

વડોદરા, તા.૨૮

વડોદરા નજીકના હરિધામ સોખડા મંદિરમાં ગાદીના ગજગ્રાહ વચ્ચે પ્રબોધ સ્વામી જૂથના સંતનું રહસ્યમય સંજોગોમાં મોત નિપજતા ભક્તોમાં આક્રોશ જોવા મળ્યો છે. વડોદરા જિલ્લા કલેકટર કચેરી ખાતે દોડી ગયેલા હરિભક્તોએ તાત્કાલિક અંતિમ ક્રિયા રોકાવી મૃતદેહના પેનલ પોસ્ટમોર્ટમની માંગ કરી મોત અંગે શંકા ઉપજાવી છે.

અત્રે નોંધનીય છે કે, ગાદીના ગજગ્રાહ વચ્ચે લોહિયાળ પડઘાના સંકેતનો વર્તારાનો ભાસ થતો હતો. તેવામાં હવે પ્રબોધ સ્વામી જૂથના સંતનું શંકાસ્પદ મોત અનેક સવાલો ઊભા કરે છે.

પ્રબોધ સ્વામી જૂથના હરિભક્તો આજે ફરી એક વખત કલેકટર કચેરી દોડી ગયા હતા. આ દરમ્યાન હરિભક્ત સંજય ભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, હરિધામ સોખડામાં ગુણાતીત સ્વામીના નિધન ઉપર અમને શંકા છે. તેઓ હેલ્થી અને સેવામાં સક્રિય હતા. બે દિવસ અગાઉ તેમણે પ્રબોધ સ્વામી પાસે બાકરોલ જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. અને આજે તેમનું રહસ્યમય મોત નિપજ્યું છે.

અમે કલેકટરને રજૂઆત કરી તાત્કાલિક ધોરણે હરિધામ સોખડા માં ગુણાતીત સ્વામીની અંતિમ ક્રિયા ઉપર રોક લગાવી પેનલ પોસ્ટમોર્ટમની સાથે ઉચ્ચસ્તરીય તપાસની માંગણી કરી છે. હાલ પરિસ્થિતિ જોતા હરિધામ સોખડામાં અંતિમ ક્રિયા માટે ઉતાવળિયો પ્રયાસ પણ થઈ રહ્યો છે. આમ, રહસ્યમય સંજોગોમાં સંતનું મોત નિપજતા હરિભક્તોમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે અને રહસ્યમય મોત સામે અનેક સવાલો ઉભા થતા નિષ્પક્ષ તપાસની માગણી ઉઠી છે.

જિલ્લાના ગામોમાં ગ્રામવન તૈયાર કરવાની યોજના મંદ : વાસણમાં દેશી આંબાનુ ગ્રામવન નમુનારૂપ

વનતંત્રએ અત્યાર સુધી ૨૦ ગ્રામવન તૈયાર કર્યા : ગ્રામવનની યોજનાને વેગ આપવા ગામડાઓની પડતર જમીન વનતંત્રને ફાળવવી જોઇએ

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામોમાં વનતંત્ર દ્વારા ગ્રામવન તૈયાર કરાયા છે. જયારે અત્યાર સુધી અંદાજિત ૨૦ જેટલા ગ્રામવનનુ નિર્માણ કરાયુ છે. સરઢવ, રૂપાલ, રાંધેજા, ઉનાવા, જલુંદ સહીતના વિસ્તારમાં ગ્રામવનના આધારે હરિયાળીની રોનક નિખરી છે. જયારે વાસણિયા મહાદેવમાં ૧૦૦ કલમી આંબા સાથે દેશી આંબાનુ પણ ગ્રામવન તૈયાર કરાયુ છે જેમાં ૧૦૦ જેટલા કલમી આંબાનો પણ સમાવેશ થાય છે. પરંતુ હાલની સ્થિતિએ ગામડાઓની પડતર જમીન વનવિભાગને ઉપલબ્ધ ન થતા ગ્રામવન તૈયાર કરવાની યોજના મંદ પડી ગઈ છે.

જિલ્લામાં હજુ પણ નવા ગ્રામવન બનાવવા માટેની ઉજ્જવળ તક છે. ત્યારે વનતંત્રને જગ્યા ઉપલબ્ધ થાય તો ગામોમાં વધુ હરિયાળી નિખારી શકાય તેમ છે.

ગાંધીનગર શહેર હરિયાળીની દ્રષ્ટીએ હાંસિયામાં ધકેલાયુ છે. છેલ્લા બે દાયકામાં વિકાસના નામે સેંકડો વૃક્ષોનો સોથ વળી ગયો છે. જયારે શહેરની સાથે જિલ્લાના વિવિધ વિસ્તારમાં પણ વિકાસની તેજ ગતિના લીધે હરિયાળીનો ખાતમો થઈ રહ્યો છે. આવા સંજોગોમાં શહેરની સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ ગ્રીન કન્સેપ્ટને વેગ આપવાની અનિવાર્યતા છે. વનતંત્ર દ્વારા આ માટે વિવિધ ઠેકાણે ગ્રામવન તૈયાર કરવામાં આવે છે. જે અન્વયે વનતંત્રએ અત્યાર સુધી વિવિધ ગામોમાં ૨૦ જેટલા ગ્રામવન તૈયાર કરાયા છે. જેમાં સરઢવ રૂપાલ અને રાંધેજા ઉનાવા સહીતના ગામોનો પણ સમાવેશ થાય છે જયારે વાસણિયા મહાદેવમાં વનતંત્રએ નમુનારૂપ આંબાવાડિયુ બનાવ્યુ છે. આ ગ્રામવનમાં કુલ ૮૦૦ જેટલા આંબાના વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે. જયારે આ પૈકી ૧૦૦ કલમી આંબાનો પણ સમાવેશ થાય છે. જો કે હાલ વનતંત્ર દ્વારા હાથ ધરવામાં આવતી ગ્રામવન નિર્માણની યોજના મંદ પડી ગઈ છે. ગ્રામવન યોજના અન્વયે ૧૫ વર્ષની કટોતીનાા અંતે થતી લાકડાની આવકનો ૭૫ ટકા હીસ્સો ગ્રામ પંચાયતને આપવામાં આવતો હતો જયારે આ યોજના અન્વયે હવે સુધાર લાવી સો ટકા રકમ ગ્રામ પંચાયતને આપી દેવાનો પણ નિર્ણય લેવાયો છે. જિલ્લાના વિવિધ ગામોમાં પડતર જમીન વનતંત્રને ઉપલબ્ધ ન થતી હોવાના લીધે ગ્રામવન નિર્માણની યોજનાનુ કામ પણ છેલ્લા ઘણાં સમયથી મંદ ગતિએ ચાલી રહ્યુ છે. જયારે હજુ પણ ગામોમાં પડતર જમીન વિશેષ છે ત્યારે ગ્રામવન તૈયાર કરવા માટે વિભાગને જમીન ફાળવવામાં આવે તો આ કાર્યયોજના વધુ ઝડપથી આગળ વધારી ગામોમાં પણ વધુ હરિયાળી નિખારી શકાય તેમ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

મહારાષ્ટ્રના લોકો ગાડીની ટાંકીઓ ફૂલ કરાવવા ગુજરાતમાં દોડ્યા

હાલ પેટ્રોલ-ડીઝલના ભાવ ભડકે બળી રહ્યાં છે : રાજ્ય સરકારોની ભેદભાવ નીતિના કારણે દરેક રાજ્યમાં ઈંધણના ભાવમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે

વલસાડ,તા.૨૮

હાલ પેટ્રોલ-ડીઝલના ભાવ ભડકે બળી રહ્યાં છે. જ્યા અડધો પૈસા પણ ઓછી મળવાની જાહેરાત થાય ત્યા લોકો પેટ્રોલ-ડીઝલ ભરાવવા દોડી રહ્યાં છે. એમાં પણ જો તમને પેટ્રોલ અને ડીઝલ થોડું ઘણું સસ્તું મળવાની વાત સંભળાય ત્યારે રીતસરના લોકો પડાપડી કરી રહ્યા છે. ગુજરાતમાં ઈંધણના ભાવ ઓછા હોવાથી મહારાષ્ટ્રના સરહદી વિસ્તારોમાંથી લોકો તેમની ગાડીની ટાંકી ભરવા માટે આવી રહ્યાં છે. વલસાડ જિલ્લાની બોર્ડર પર આવેલ નેશનલ હાઈવેના પેટ્રોલપંપ પર વાહનોની કતારો લાગી રહી છે. મહારાષ્ટ્ર લોકો પેટ્રોલ-ડીઝલ ભરાવવા ગુજરાત આવી રહ્યા છે. જાણીને નવાઈ લાગીને પરંતુ આ હકીકત છે. રાજ્ય સરકારોની ભેદભાવ નીતિના કારણે દરેક રાજ્યમાં ઈંધણના ભાવમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે.

બીજી બાજુ મોંઘવારીના મારથી સામાન્ય માણસ જે બે પૈસા બચે તેવી આશાએ મહારાષ્ટ્ર બોર્ડર પર રહેલા લોકો ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલ ભરાવવા આવી રહ્યા છે. એટલે એવું કહી શકાય કે મહારાષ્ટ્રના લોકો ગુજરાત આવવા મજબૂર છે.

ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલ મહારાષ્ટ્રથી સસ્તું મળી રહ્યું છે. મહારાષ્ટ્રમાં ગુજરાત કરતા પેટ્રોલ ૧૩થી ૧૪ રૂપિયા મોંઘુ છે. જ્યારે મહારાષ્ટ્રમાં ગુજરાત કરતા ડીઝલ ૨થી ૩ રૂપિયા મોંઘુ છે. જેનું કારણ છે ગુજરાતમાં પેટ્રોલ-ડીઝલના વેટમાં ઘટાડો. જેણા કારણે વલસાડમાં ભીલાડ મહારાષ્ટ્રના લોકો પેટ્રોલ-ડીઝલ ભરાવવા લાઈનો લગાવી રહ્યા છે.

૩૧ પૈસા માટે SBIએ ખેડુતને હેરાન કરતા કોર્ટે ઝાટકણી કાઢી

લોનની ચુકવણીમાં માત્ર ૩૧ પૈસા બાકી રહેતા હોવાનું કહીને બેંક દ્વારા ખેડૂતને નો ડ્યુ સર્ટિફિકેટ આપવાની ના પડાઈ

અમદાવાદ,તા.૨૮

ગુજરાત હાઈકોર્ટે બુધવારે એક કેસની સુનાવણીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને માત્ર ૩૧ પૈસાની બાકી રકમ માટે ખેડૂતના નો-ડ્યુ સર્ટિફિકેટને રોકવાને લઈને ફટકાર લગાવી હતી. ખેડૂતને પાક લોનની ચુકવણી કર્યા પછી જમીનનો સોદો કરવો હતો જોકે આના માટે તેમણે લીધેલી લોન પૂરી કરી છે તેવું સર્ટિફિકેટ બેંક પાસેથી લઈને રેવન્યુ વિભાગમાં રજૂ કરવું પડે તેમ હતું. પરંતુ બેકના વલણથી જમીન ખરીદનાર અને ખેડૂત બંને પરેશાન હતા જે બાદ હાઈકોર્ટમાં કેસ પહોંચતા કોર્ટે દેશની સૌથી મોટી બેંકના બેંકિંગના પાઠ ભણાવ્યા અને ઝાટકણી કાઢી હતી. બેંકે કોર્ટને જણાવ્યું હતું કે જમીન પરથી બેંકનો હક્ક હટાવવામાં આવ્યો નથી કારણ કે ખેડૂતે લીધેલી લોનની ચુકવણી હજુ બાકી છે અને બેંકનને ખેડૂત પાસેથી હજુ પણ ૩૧ પૈસા લેવાના બાકી રહે છે. જે બાદ જસ્ટિસ ભાર્ગવ કારિયાએ કહ્યું, "આ તો હદ થાય છે." ન્યાયાધીશે કહ્યું કે આટલી ઓછી રકમ માટે નો-ડ્યુઝ સર્ટિફિકેટ કોઈ વ્યક્તિને ન આપવું તે હાથે કરીને "પરેશાન કરવા સિવાય બીજું કંઈ નથી". જસ્ટિસ કારિયાએ બેંકને સામો પ્રશ્ન કરતાં કહ્યું કે ''૩૧ પૈસા બાકી છે? શું તમે જાણો છો કે ૫૦ પૈસાથી ઓછી કોઈપણ રકમને ન ગણવી તેવો એક નિયમ છે? બેંકના આ પ્રકારના ખેડૂતને કારણ વગર હેરાનગતિ કરવાના વલણથી નારાજ જસ્ટિસ કારિયાએ બેંકને આ મુદ્દે સોગંદનામું દાખલ કરવા કહ્યું અને વધુ સુનાવણી ૨ મેના રોજ રાખી છે. આ કેસમાં રાકેશ વર્મા અને મનોજ વર્માએ શામજીભાઈ પશાભાઈ અને તેમના પરિવાર પાસેથી અમદાવાદની હદમાં આવેલા ખોરજ ગામમાં જમીનનો એક ભાગ ખરીદ્યો હતો. અગાઉ પશાભાઈના પરિવારે જીમૈં પાસેથી પાક લોન મેળવી હતી. જોકે લોન ભરપાઈ થાય તે પહેલા જ પશાભાઈના પરિવારે જમીન વેચી દીધી હતી. તેના કારણે પોતાની બાકી રહેતી રકમને લઈને બેંકે જમીન પર ચાર્જ લગાવ્યો અને નવા માલિકોના નામ મહેસૂલ રેકોર્ડમાં દાખલ કરી શકાયા નહીં. જે બાદ ખરીદદારોએ પ્રમાણપત્ર મેળવવા માટે લોનની બાકી રહેતી રકમ ચૂકવવાની ઓફર કરી હતી. તેમ છતાં કોઈ કારણે મામલો આગળ વધતો ન હોવાથી, ખરીદદારોએ ૨૦૨૦ માં ઝ્ઝૅઝનો સંપર્ક કર્યો. પરંતુ તેમની અરજી પેન્ડિંગ હતી તે દરમિયાન લોનની સંપૂર્ણ ચુકવણી કરવામાં આવી હતી. પરંતુ બેંકે હજુ પણ નો-ડ્યુઝ પ્રમાણપત્ર આપ્યું નહોતું અને તેના કારણે જમીન ખરીદદારોને ટ્રાન્સફર કરી શકાઈ નથી. જોકે જ્યારે અરજીની સુનાવણી શરું થઈ ત્યારે બુધવારે કોર્ટે પહેલા કહ્યું કે એકવાર લોન ચૂકવવામાં આવે તે પછી કોર્ટ બેંકને પ્રમાણપત્ર આપવાનો નિર્દેશ કરશે. જે બાદ બેંકે હાઈકોર્ટને જાણ કરી હતી કે તેમની બાકી રહેતી લોનના કુલ રુપિયા પૈકી ૩૧ પૈસાની રકમ બજુ પણ બાકી છે. બેંકના જવાબ બાદ જસ્ટિસે નારાજગી વ્યક્ત કરી હતી તેમણે કહ્યું કે જીમૈં રાષ્ટ્રીયકૃત બેંક હોવા છતાં લોકોને આવી નાની બાબતે આ રીતે હેરાન કરે છે. "એક નિયમ છે કે ૫૦ પૈસાથી ઓછા પૈસાની ગણતરી ન કરવી જોઈએ." શું બેંકને આવા કોઈ નિયમની જાણ છે કે નહીં તેમ હાઈકોર્ટે પ્રશ્ન કરી બેંકની ઝાટકણી કાઢી હતી.

ખેડૂતને પરેશાન કરતી બેંકની શાન હાઈકોર્ટે ઠેકાણે લાવી

ડમ્પરે બે ગાડી, બે બાઈકને અડફેટે લેતા અકસ્માત

વડોદરા, તા.૨૮

નેશનલ હાઈવે પર જાંબુવા બ્રિજ નજીક એક ખુબ જ વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૨ બાઈક, ૨ ગાડી અને એક ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાો હતો. આ ગોઝારા અકસ્માતમાં બાઈક પર રહેલા પતિ પત્નીના ઘટના સ્થળે જ મોત નિપજ્યાં હતા. કમકમાટીભર્યા અકસ્માતના પગલે હાઈવે પર ભારે ટ્રાફીક જામ થયો હતો. સ્થાનિક પોલીસ દ્વારા સમગ્ર ટ્રાફિક ક્લિયર કરાવીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હાલ તો સમગ્ર મામલે પોલીસ તપાસ ચલાવી રહી છે. જાંબુવા બ્રિજ નજીક સવારે એક ડમ્પરે બે બાઈક ચાલકોને અડફેટે લીધા હતા. આ સાથે બે કારચાલકને પણ અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર પસાર થઈ રહેલી એક મહિલા અને એક પુરૂષ સહિત ત્રણ લોકો રોડ પર ફેંકાયા હતા. અકસ્માતના પગલે રાજેન્દ્રભાઈ ઓધવજી પ્રજાપતિ (રહે. ભરૂચ) અને શોભનાબેન પ્રજાપતિ નું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. વાહનની અડફેટે આવેલા બાઈક સવારોના દેહ ચુંથાઈ ગયા હતા. માસના ચિથરા રોડ પર ફેલાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે, જાંબુવા નદી પરનો બ્રિજ ખુબ જ સાંકડો હોવાથી સતત અકસ્માત થયા કરે છે.

તંત્રને વારંવાર રજુઆતો કરવામાં આવી હોવા છતા પણ આ અંગે કોઈ જ પગલા લેવામાં આવતા નથી. હાલ તો પોલીસ દ્વારા ટ્રાફિક ક્લિયર કરાવીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તમામ મૃતદેહોને સયાજી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લઈ જવાયા છે. આ ઉપરાંત ડમ્પર ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી માટેની તજવીજ હાથ ધરવામાં આવી રહી છે.

બેઠક મળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સીઝનની વાવણી અને અન્ય કાર્યોની વ્યસ્તતાને લઈ કાર્યકરને અત્યારેથી જ કામે લગાડવામાં આવ્યા છે. જેથી તેના અન્ય કાર્યો સરળતાથી કરી શકે.

આમ તો રાષ્ટ્રીય પ્રમુખનો કાર્યક્રમ અગાઉ ત્રણ દિવસનો નિયત કરાયો હતો પરંતુ છેલ્લી ઘડીએ એક જ દિવસનો રાખવામાં આવ્યો હોવાથી બેઠકોનો દોર હોવાનું પણ આ વર્તુળો કહી રહ્યા છે.

રાજીનામું

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ વિવાદ જાગ્યો હતો. એક ઈન્ટરવ્યુ દરમિયાન તેમણે કહ્યું હતું કે, સદનની કાર્યવાહીમાં ભાજપનો બકવાસ સાંભળવા માટે નથી જતા. તેમના આ નિવેદન અંગે ભાજપે વિરોધ નોંધાવ્યો હતો અને વિધાનસભા અધ્યક્ષ સમક્ષ કાર્યવાહી કરવા માગણી કરી હતી. ત્યારે આ વિવાદો વચ્ચે કમલનાથે પોતાના પદ પરથી રાજીનામુ આપી દીધું છે. નવા વિપક્ષ નેતા ગોવિંદ સિંહની વાત કરીએ તો તેઓ ૭ વખત ધારાસભ્ય રહી ચુક્યા છે અને કોંગ્રેસમાં અનેક મહત્વપૂર્ણ પદ સંભાળી ચુક્યા છે. જોકે તેમની નિયુક્તિને લઈને પણ રાજકારણ શરૂ થઈ ગયું છે. ભાજપના મતે કોંગ્રેસે વિપક્ષ નેતા તરીકે કોઈ એસસી, એસટી કે ઓબીસી વર્ગના નેતાને નથી પસંદ કર્યા તે જે-તે સમાજનું અપમાન છે.

આદેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાહન રિકોલ કરવાની ફરજ પાડી શકે છે અને આકરો દંડ પણ ફટકારી શકે છે. જે કંપનીના વાહનોમાં આવી કોઈ ઘટનાઓ નથી બની તેમને પણ પોતાના વ્હિકલ અંગે સાવધાની રાખવા જણાવાયું છે.

પેટ્રોલ અને ડીઝલના ભાવ વધ્યા પછી સરકાર ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપી રહી છે. લોકો પણ ધીમે ધીમે ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર્સ તરફ વળ્યા છે પરંતુ વાહનોમાં આગ લાગવાની ઘટનાઓથી ચિંતા પ્રવર્તે છે.

ભારતમાં ઈલેક્ટ્રિક વ્હિકલ ઉદ્યોગ પોતાની લોકપ્રિયતા વધારવા માટે ભારે મહેનત કરી રહ્યો છે, પરંતુ ઈલેક્ટ્રિક વાહનોમાં આગની ઘટનાઓથી સમગ્ર ઈન્ડસ્ટ્રી ચિંતિત છે. ઈલેક્ટ્રિક સ્કૂટર બનાવતી કંપની ઓકિનાવાએ પોતાના સ્કૂટરોમાં આગની ઘટનાઓ પછી લગભગ ૩૨૦૦ સ્કૂટર રિકોલ કરવાની જાહેરાત કરી છે. ઓકિનાવા ઓટોટેકે બજારમાંથી ૩૨૧૫ પ્રેઈઝ પ્રો ઈલેક્ટ્રિક સ્કૂટર રિકોલ કરવાની જાહેરાત કરી છે. આ સ્કૂટરની બેટરીમાં ખામી હોવાનું માનવામાં આવે છે જેના કારણે આગની ઘટનાઓ બની છે.

હટાવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમે તેને બાકીના ભાગોમાંથી પણ પરત લેવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ કાયદો નાગાલેન્ડ, આસામ અને મણિપુરના કેટલાક વિસ્તારોમાં લાગુ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આસામના દીફૂમાં રેલીને સંબોધન કર્યું હતું આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાર્બી આંગલોંગમાં માંજા વેટરનરી કોલેજ, વેસ્ટ કાર્બી આંગલોંગ એગ્રીકલ્ચર કોલેજ, અંપાની વેસ્ટ કાર્બી આંગલોંગ સરકારી કોલેજ સહિત અનેક યોજનાઓનો શિલાન્યાસ કર્યો હતો.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે દેશમાં એક નવી તાકાત સાથે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નેટવર્કને વેલનેસ સેન્ટરના રૂપમાં પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આયુષ્માન ભારત હેઠળ, ભારત સરકાર ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા પણ આપી રહી છે. ૨૦૧૪ પહેલા માત્ર ૭ એઈમ્સ હતા, હવે ૧૬ નવા એઈમ્સ છે.

કેન્સર સેન્ટરનું ઉદ્ઘાટન કર્યા બાદ પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, હોસ્પિટલો તમારી સેવામાં છે પરંતુ જો આ નવી હોસ્પિટલો ખાલી રહેશે તો મને ખુશી થશે. હું તમારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરું છું. અમારી સરકારે યોગ, ફિટનેસ, સ્વચ્છતાની સાથે સ્વાસ્થ્ય સંભાળ પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. દેશમાં નવા પરીક્ષણ કેન્દ્રો ખોલવામાં આવી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આસામના ડિબ્રુગઢ જિલ્લામાં કેન્સર સારવાર કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું. કેન્દ્રનું નિર્માણ 'આસામ કેન્સર